# આખલાઓ ઝઘડી પડયા

– કિરણ વૈષ્ણવ

ચાર આખલા હતા. તેઓ સાથે હરે, ફરે ને ચરે. સાથે જ રહે. એક દિવસ આખલા ચરતા હતા. ત્યાં શિકારની શોધમાં ફરતા સિંહે ચરતા આખલા જોયા.

સિંહને થયું, 'વાહ ! આજે તો બહુ ખાવાનું મળી ગયું.' તે આખલાઓની નજીક જવા લાગ્યો. આખલાઓનું ધ્યાન સિંહ તરફ ગયું. એમણે નક્કી કર્યું કે 'આપણે સંપીને સિંહનો સામનો કરીએ નહીંતર તે આપણને મારી નાખશે. હવે ભાગી શકાય તેમ નથી.'

સિંહે આવીને એક આખલા પર હુમલો કર્યો. એટલે બીજા ત્રણ આખલાઓએ સિંહને ઘેરી લીધો ને શિંગડાથી તેનો સામનો કર્યો. સિંહ કંઈ કરી ન શક્યો. તે ભાગીને જતો રહ્યો.

સિંહે શિયાળને કહ્યું, 'આખલા અહીં ચરવા આવે છે પણ તેઓ સાથે જ હોય છે ને સાથે જ રહે છે. તેમને જુદા પાડ તો મારું કામ થાય.'

શિયાળે એક યુક્તિ ગોઠવી. એ ચારે આખલા પાસે ગયો. ને કહ્યું, 'હું તમારી સાથે રહું ?'

આખલાઓએ એકબીજાને પૂછીને હા પાડી. શિયાળ તો આખલાઓની સાથે રહેવા લાગ્યું. થોડા દિવસમાં શિયાળ પર આખલાઓને વિશ્વાસ બેસી ગયો.

એક દિવસ શિયાળે ધોળિયાને કહ્યું, 'તું સાવ દૂબળો છે. પેલો લાલિયો વધારે ઘાસ ખાઈ જતો



લાગે છે. એટલે તે તગડો લાગે છે.'

ધોળિયો કહે, 'આજે હું જ એના કરતાં વધારે ઘાસ ખાવાનો.'

શિયાળે ભૂરિયાને કહ્યું, 'ધોળિયો કહેતો હતો કે આ ઘાસનું મેદાન તો મેં જ ભૂરિયાને બતાવ્યું છે.'

ભૂરિયો કહે, 'એ શું બતાવતો હતો ?' મેં જ આ મેદાન શોધી કાઢ્યું છે. હું તેને સાથે ચરવા લઈ જાઉં છું એટલે ?

શિયાળ કહે, 'તો એમ કરો, ભૂરિયાજી ! તમે એમને મેદાનમાં ઘાસ ચરવા નહિ દેતા.'

ભૂરિયાએ રાજી થઈને એમને કહ્યું, 'ભલે ! તમારી વાત સાચી છે, આજે હું તેને ચરવા નહીં દઉં.'

પછી શિયાળે કાબરચીતરા પાસે જઈને કહ્યું કે, 'પેલા ત્રણે તમારી ઈર્ષ્યા કરવા માંડયા છે. તેને તમે જરાયે ગમતા નથી. એ તમને અહીં ઘાસ ખાવા નહીં દે. ભૂખે જ મારી નાખવા માગે છે.'

આમ ત્રણેને જુદી જુદી વાતો કરી તેમના મનમાં સ્વાર્થ ઘુસાડયો.

પછી તેણે જઈને સિંહને વાત કરી, 'આજે બધા લડી પડવાના છે. તમે તૈયાર રહેજો.'

સિંહ વાત સમજી ગયો.

બીજે દિવસે બધા ચરવા ગયા એટલે અંદરોઅંદર ઝઘડવા લાગ્યા.

ધોળિયો કહે, આ ઘાસનું મેદાન મારું છે.' ભૂરિયો કહે, 'તમારે અહીં ઘાસ ખાવાનું નથી' લાલિયો કહે, 'કાબરચીતરા, તું વધારે ઘાસ ખાઈ જાય છે.' આમ ચારે અંદરોઅંદર ઝઘડવા લાગ્યા. સિંહ શિયાળના કહેવાથી ત્યાં પહેલેથી જ હાજર હતો.

સિંહે આ જોયું. તેણે ધોળિયા પર હુમલો કર્યો. બીજા ત્રણેએ તેનો સાથ છોડી ભાગવા માંડયું એટલે સિંહ ફાવી ગયો.

■